The Baroda Rayon Corporation Ltd.
CIN L45100GJ1958PLC000892
P O Fatehnagar, Udhna, Surat 394 220
Tel : 0261-2899555
Email : admin@brcl.in
Website : www.brcl.in

November 15, 2025

To,
Department of Corporate Services,
BSE Limited
P. J. Towers, Dalal Street,
Mumbai – 400 001.

**Sub – Newspaper Advertisement – Publication of Standalone Un-Audited Financial Results of the company for the quarter and half year ended September 30, 2025.**
**Ref – BSE Scrip code – 500270**

Dear Sir,

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015, as amended, please find enclosed copies of newspapers advertisement [Financial Express (English) and Pratap Darpan (Gujarati)] edition which contains a Quick Response code and the details of the webpage where complete Standalone Un-Audited Financial Results for the quarter and half year ended September 30, 2025 along with the Limited Review Report are accessible to the investors.

Request you to kindly take the same on your record.

Thanking you,

Yours faithfully,
**For The Baroda Rayon Corporation Limited**

Kunjal C Desai

**Kunjal Desai**
**Company Secretary**

The Baroda Rayon Corporation Ltd. PO Fatehnagar (Surat) 394220

Encl: As Above

# ડાબા કાંઠાની તમામ નહેરો ૩૫ દિવસ સુધી બંધ રહેશે

## ઉકાઇ ડેમમાં ઉપલબ્ધ પાણીના જથ્થાને ધ્યાને લઇ રોટેશન નક્કી કરાયું

સુરત, તા.૧૫

કાકરાપાર ડાબા કાંઠા નહેર વહેવડાવવાનું આયોજન અંતર્ગત ઉકાઇ ડેમમાં ઉપલબ્ધ પાણીના જથ્થાને ધ્યાને લઇ નીચે મુજબ રોટેશન નક્કી કરવામાં આવ્યું છે. ખરીફ-૨૦૨૫, રવિ-૨૦૨૫-૨૬, ઉનાળુ-૨૦૨૬ ની સિઝન માટે ઉકાઇ ડેમમાં ઉપલબ્ધ પાણીના જથ્થાને ધ્યાને લઇ કાકરાપાર યોજનાની નહેરનું રોટેશન નક્કી કરાયું છે. જે મુજબ કાકરાપાર ડાબા કાંઠા નહેર ખરીફ-૨૦૨૫ સિઝનમાં તા.૦૮ થી ૧૫-૧૧-૨૦૨૫ (૦૮ દિવસ) નહેર ચાલુ રહેશે. રવિ-૨૦૨૫-૨૬ સિઝનમાં તા.૧૬-૧૧-૨૦૨૫ થી ૨૦-૧૨-૨૦૨૫ (૩૫ દિવસ) ચાલુ રહેશે અને તા.૨૧-૧૨-૨૦૨૫ થી તા.૨૪-૦૧-૨૦૨૬ (૩૫ દિવસ) બંધ રહેશે. રવિ-૨૦૨૫-૨૬ સિઝનમાં તા.૨૫-૦૧-૨૦૨૬ થી ૨૩-૦૨-૨૦૨૬ (૩૦ દિવસ ) નહેર રહેશે અને તા.૨૪-૦૨-૨૦૬ થી તા.૦૫-૦૩-૨૦૨૬ (૧૦ દિવસ) બંધ રહેશે. ઉનાળુ-૨૦૨૬ સિઝનમાં તા.૦૬-૦૩-૨૦૨૬ થી ૨૭-૦૩-૨૦૨૬ (૨૨ દિવસ ), તા.૦૫-૦૪-૨૦૨૬ થી ૨૯-૦૪-૨૦૨૬ (૨૫ દિવસ) તેમજ તા.૦૮-૦૫-૨૦૨૬ થી ૧૫-૦૬-૨૦૨૬ (૩૯ દિવસ ) નહેર ચાલુ રહેશે, જ્યારે તા.૨૮-૦૩-૨૦૨૬ થી તા.૦૪-૦૪-૨૦૨૬ (૦૮ દિવસ) અને તા.૩૦-૦૪-૨૦૨૬ થી તા.૦૭-૦૫-૨૦૨૬ (૦૮ દિવસ) નહેર બંધ રહેશે.

આયોજન મુજબ પિયત મંડળી વિસ્તારમાં પાણી આપવાની અગ્રિમતા અપાશે. જે પિયત મંડળી વિસ્તારમાં ખેડૂતો સભ્ય થયા નથી તેઓએ પાણીની વહેંચણી મંડળીના પરામર્શમાં રહી કરવાની રહેશે. પેટા કચેરીમાં અરજી સાદર કરવી. નિર્ધારિત સમય બાદ મળેલ અરજી બાબતે નિયમોનુસાર કાર્યવાહી કરાશે. રવિ મોસમ ૨૦૨૪-૨૫ ના સિંચાઇ માટે પાણી લેવા અરજી સ્વીકારવાની છેલ્લી નિર્ધારિત તા.૧૫-૧૧-૨૫ છે. જયારે ઉનાળુ ઋતુ ૨૦૨૫ ની અરજી સ્વીકારવાનીતા.૧૫-૦૩-૨૬ છે. તે મુજબ સિંચાઇકારોએ સંબંધિત જે ખેડૂતોએ સિંચાઇનું ફોર્મ ભર્યું નહી હોય તેવા ખેડૂતોને પાણી આપવામાં આવશે નહીં, અને બીનઅધિકૃત રીતે પાણી લેવામાં આવશે તો નિયમોનુસાર દંડની કાર્યવાહી કરાશે. ખેડૂતોએ પિયાવો સમયસર ભરી દેવાનો રહેશે. નહેરોની લાઈનીગ/ મરામતની કામગીરી કરવાની હોવાથી કાકરાપાર ડાબા કાંઠાની તમામ નહેરો તા.૨૧-૧૨-૨૦૨૫ થી તા.૨૪-૦૧-૨૦૨૬ (૩૫ દિવસ) બંધ રહેશે. રોટેશન અનુસાર ખેડૂતોએ પાકનું આયોજન કરવું. જે માઈનોર પર ૪૦% કરતા ઓછા ફોર્મ આવેલ હશે તે માઈનોરમાં પાણી વહેવડાવવામાં આવશે નહી. દરેક રોટેશન દરમિયાન ખાતેદારોને આપવામાં આવેલ સિંચાઇનું પાણી પ્રતિપાણ / હેક્ટર પ્રમાણે આકારણી કરવામાં આવતી હોય પાણીનો કરકસર યુક્ત ઉપયોગ કરવો. રોટેશનની તારીખમાં કોઈ ફેરફાર થશે નહી. રોટેશન દરમિયાન ખેડૂતોએ તારીખ પ્રમાણે જરૂરિયાત અનુસાર સિંચાઇનું પાણી મેળવી લેવાનું રહેશે. ફિલ્ડ ચેનલની સાફ-સફાઈ તેમજ મરામત સિંચાઇકારોએ જાતે અગાઉથી કરી પાણીનો બગાડ અટકાવવાનો રહેશે. રોટેશન દરમિયાન બાગાયતદારને એકજવાર પાણી આપવામાં આવશે, દરેક નહેરના છેવાડાના વિસ્તારથી સિંચાઇ ચાલુ કરવાની રહેશે. જેથી સિંચાઇકારોએ સાથે સહકાર આપવાનો રહેશે એમ કાકરાપાર ડાબા કાંઠા નહેરના પિયત વિસ્તાર હેઠળની પિયત સરકારી મંડળીઓ, ખેડૂતો, ઉદવહન સિંચાઇ અને પાણી પુરવઠા યોજનાઓ તેમજ ઉદ્યોગકારોને સૂચિત કરતા સુરત નહેર વિભાગના કાર્યપાલક ઈજનેરની યાદીમાં જણાવાયું છે.



મતદાર યાદી સુધારણા ખાસ ઝુંબેશનો આજથી આરંભ થયો છે. આજે અને આવતી કાલે મતદાન કેન્દ્રો પર મતદારોને માર્ગદર્શન આપવા બીએલ હાજર થયા છે અને આવતા શનિ તથા રવિવારે પણ મતદાન કેન્દ્રોમાં બીએલઓ હાજર રહેશે.

# અંકલેશ્વર ONGC કોલોની ખાતે નેહરુ મેમોરિયલ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

## ભરૂચ સહીત અન્ય જિલ્લાની ૧૬ જેટલી ટીમોએ ભાગ લીધો

અંકલેશ્વર, તા.૧૫

ગતરોજ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન સ્વ. પંડિત જવાહરલાલ નેહરુની ૧૩૬મી જન્મજયંતિ નિમિત્તે ભરૂચ જિલ્લાની અંકલેશ્વર ONGC કોલોની સ્થિત ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ૪૮મી પંડિત જવાહરલાલ નેહરુ મેમોરિયલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. પંડિત જવાહરલાલ નેહરુ મેમોરિયલ ક્રિકેટ ટુર્નામેન્ટનો ONGCના એસેટ મેનેજર જે.એન.સુખાનંદનના વરદ હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભરૂચ સહીત અન્ય જિલ્લાની ૧૬ જેટલી ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જ્યાં તમામ ખેલાડીઓએ ખેલદિલી સાથે ક્રિકેટ ટુર્નામેન્ટને સફળ બનાવી હતી. આ પ્રસંગે અંકલેશ્વર ONGCના એસેટ મેનેજર જે.એન.સુખાનંદન સહિત ONGC કંપનીના કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ખેલાડીઓ અને ક્રિકેટ રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતી ઉજવણીમાં જોડાવા તંત્રની અપીલ

નવસારી, તા.૧૫

શ્રી ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે આવતી તા. ૧૫મી નવેમ્બરે જનજાતિય ગૌરવ વર્ષ અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. જે અનુસંધાને, નવસારી જિલ્લામાં કુલઃ ૦૨ સ્થળોએ (૧) ગાંધી મેદાન, વાંસદા અને (૨) સમરોલી ક્રિકેટ ગાઉન્ડ, સમરોલી, તા. ચીખલી ખાતે જનજાતિય ગૌરવવર્ષની ઉજવણી થનાર છે. આ કાર્યક્રમમાં વધુમાં વધુ નાગરિકોને જોડાવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અપીલ કરવામાં આવેલ છે એમ પ્રાયોજના વહીવટીદારશ્રી, વાંસદાની અખબાર યાદીમાં જણાવવામાં આવેલ છે.

# માર્ગ અને મકાન વિભાગ દ્વારા વિવિધ રસ્તાઓનું પેચવર્ક કરાયું

સુરત, તા.૧૫

સુરત જિલ્લામાં પડેલા કમોસમી વરસાદ બાદ માર્ગ અને મકાન વિભાગ ૨ દ્વારા વિવિધ રસ્તાઓ પર પેચ વર્કની કામગીરી કરવામાં આવી હતી. જેમાં તરસાડા-કડોદ-બારડોલી-સરભોણ-નવસારી રોડ કિ.મી. ૫૩/૦૦થી ૫૪/૦૦, સુરત-ઓલપાડ-સાહોલ રોડ તેમજ નાના વરાછા સેવણી-વિહાણ રોડ કિ.મી. ચેનેજ ૧૭/૪૦ થી ૨૧/૮૫ રોડ પર પેચ વર્ક કરાયું હતું.

# ચીખલીમાં માર્ગો તથા મકાનોમાં મરામત કામગીરી શુરૂ કરાઈ

નવસારી, તા.૧૪ઃ ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચોમાસું પૂર્ણ થતાની સાથે જ માર્ગ મરામત અને સમારકામની કામગીરીને વેગ આપવામાં આવ્યો છે. તેની અનુસંધાને નવસારી જિલ્લાના ચીખલી (માર્ગ અને મકાન) પેટા વિભાગ હેઠળ આવતા વિવિધ રસ્તા અને મકાનોમાં હાલ મરામત તથા સુધારણા કામ પ્રગતિ હેઠળ છે.

ચીખલી (માર્ગ અને મકાન) પેટા વિભાગ દ્વારા સણવલ્લા—ટાંકલ—રાનકુવા—રૂમલા—કરંજવેરી રોડ, ચીખલી—ફડવેલ—ઢોલુંબર—ઉમરકુઈ રોડ (બોક્સ કલ્વર્ટ), સુરખાઈ—અનાવલ—ભીનાર રોડ (વાયડનિંગ) તેમજ બીલીમોરા—ચીખલી—વાંસદા—વઘઈ રોડ (ઞ.ઞ. રોડ) જેવી મહત્વની માર્ગ ઉપર કામગીરી ચાલી રહી છે. આ માર્ગોના સમારકામ પૂર્ણ થવાથી મુસાફરો અને વાહનચાલકોને આવન-જાવનમાં વધુ સુવિધા મળી રહેશે અને ક્ષેત્રમાં પરિવહન વ્યવસ્થા વધુ સશક્ત બનશે.



શ્રી કડોદરા વિભાગ નાગરિક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળીને ગુજરાત રાજ્ય સહકારી સંઘ આયોજિત શીલ્ડ હરિફાઈમાં તૃતીય ક્રમ મેળવવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

# અભ્યમ : ૧૮૧ હેલ્પલાઇન, મહિલા સુરક્ષા કવચ

સરકારે સ્ત્રીઓના હિતોનાં રક્ષણ કાજે વર્ષોથી અભ્યમ હેલ્પલાઈન ૧૮૧ મહિલા સુરક્ષા કવચ તરીકે આરંભ કરેલ છે,જે સરાહનીય અને અભિનંદનને પાત્ર છે!ખેર, શારીરિક હિંસા, બળજબરીપૂર્વક જાતિય સંભોગ, અશ્લીલ ચલચિત્ર અથવા અન્ય બિભત્સ સાહિત્ય સામગ્રી જોવા માટે ફરજ પાડવી, અન્યને મનોરંજન પૂરું પાડવા બળજબરીપૂર્વક ઉપયોગ કરવો, જાતિય પ્રકારનું કોઈ બીજું કૃત્ય, દુરુપયોગ કરી શરમિન્દુ કરવું યા હલકું પાડવું અથવા અન્યથા દરજ્જાને ઉલ્લંઘનકારક કોઈ કૃત્ય કરવા, શાબ્દિક અને ભાવનાત્મક રીતે દુરુપયોગ કરવો,ચારિત્ર્ય, વર્તણુંક વગેરે ઊપર આક્ષેપ, કલંક લગાડવા, દહેજ વગેરે નહિ લાવવા અને / અથવા છોકરો નહિ હોવા માટે અપમાન કરવું, ઉતારી પાડી, અપમાન કરવું યા આબરૂને હાનિ પહોંચાડતી ટીકા ટિપ્પણી યા કથન યા નિવેદનથી ઠેકડી ઉડાવવી, ગાળો બોલવી, શાળા, કોલેજ યા બીજી શૈક્ષણિક સંસ્થામાં હાજર નહિં રહેવા બળજબરી કરવી યા નોકરી કરતા યા ઘરની બહાર જવા યા કોઈ ચોક્કસ વ્યક્તિને મળવા અટકાવવા, આર્થિક હિંસા કરી તેણી અને બાળકો માટે ખોરાક, દવા, કપડા વગેરે તેમજ નાણાં પૂરા નહિં પાડવા,ઘરમાં રહેતા હોય ત્યાંથી બળજબરીપૂર્વક બહાર કાઢી યા ઘરના કોઈ ભાગમાં પ્રવેશ અને ઉપયોગ કરતા યા રોજગાર ચાલુ રાખવા અટકાવવા યા તેમાં અવરોધ કરવા યા રોજગાર મેળવવા માટે પરવાનગી લેવી, ભાડાના મકાનની ભાડા ચુકવણી નહિં કરવી, સામાન્ય ઘર વપરાશના કપડા અથવા ચીજવસ્તુઓનો ઉપયોગ કરવા પરવાનગી લેવી,જાણ કે, સંમતિ સિવાય સ્ત્રી ધન અથવા બીજી કોઈ બહુમૂલ્ય વસ્તુઓ / દાગીનાઓ વેચવા / ગીરો મુક્વા, પગાર-આવક અથવા વેતન વગેરે બળજબરીપૂર્વક છીનવી લેવા, સ્ત્રી ધનનો નિકાલ કરવો, બીજા બીલોમાં વીજળી બિલ વગેરેની ચૂકવણી નહિં કરવી, કોઈ બીજી આર્થિક હિંસા યા દહેજ સંબંધિત માંગણી કરવી, સ્ત્રી તેમજ બાળક વિરુદ્ધ ઘરેલું હિંસાનાં કૃત્યો કરવા સબબ તળેનાં ગુન્હા હેઠળ દહેજ પ્રતિબંધક ધારા અને ઘરેલું હિંસા અને સ્ત્રી અત્યાચાર સામે રક્ષણ મેળવવા વાસ્તે જવાબદાર, ક્સુરદાર વિરુદ્ધ ધોરણસરની ફરિયાદ સંબંધિત તંત્રોને નિર્ભયપણે નૈતિકતાથી કરી શકે છે અને / અથવા મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ અભયમ ૧૮૧ હેલ્પલાઈન પરથી હિંમત દાખવીને તાત્કાલિક મદદ અને બચાવ સેવાઓ જરૂરથી મેળવી શકે છે.

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો૯૪૨૭૮ ૩૧૨૧૩**

### શ્રીનગરના પોલીસ મથકમાં
### પહેલા પાનાનું ચાલુ

થયો હતો.મધરાત્રે પોલીસ સ્ટેશનમાં ભયાનક ધડાકા તથા આગની ઘટનાથી ભયનો માહોલ સર્જાયો હતો.અફડાતફડીની સ્થિતિ ઉભી થઈ હતી. આતંકી હુમલાની શંકા-અટકળો પણ વ્યકત થવા લાગી હતી અને લાંબા વખત પછી આ ઘટના આકસ્મિક હોવાનું જાહેર કરવામાં આવ્યુ હતું.

વિસ્ફોટ એટલો ભયાનક હતો કે તેનો અવાજ ૧૬ કિલોમીટર દુર હોસ્પિટલ સુધી સંભળાયો હતો ઉપરાંત આસપાસની ઈમારતોનાં બારી-દરવાજાનાં કાચનો પણ ભાંગીને ભૂકકો થઈ ગયો હતો.ધડાકા બાદ સમગ્ર પોલીસ સ્ટેશન તથા આસપાસ પડેલા વાહનો પણ આગની ઝપટમાં જોવા મળ્યા હતા. પોલીસ સ્ટેશન આખુ રાખ થઈને કાટમાળમાં ફેરવાઈ ગયુ હતું.

કાશ્મીર પોલીસ દ્વારા સતાવાર રીતે એવુ જાહેર કરવામાં આવ્યુ હતું કે વિસ્ફોટ એક દુર્ઘટના જ હતી અને તેમાં કોઈ આતંકવાદી હાથ નથી. આ દુર્ઘટના બાદ પોલીસ સીઆરપીએફ સહિતના સરકારી વિભાગોનાં તમામ સીનીયર અધિકારીઓ દોડી ગયા હતા. આ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવાયો હતો.દુર્ઘટનામાં ભોગ બનેલા લોકોના મૃતદેહોના ટુકડા થઈ ગયા હોય તેમ ૨૦૦ મીટર દુરથી શરીરનાં અંગો મળ્યા હતા.

### સતત એક કલાક સુધી એક
### પહેલા પાનાનું ચાલુ

બચાવ ટુકડીને અંદર સુધી પ્રવેશ કરવામાં લગભગ એક કલાકથી વધુ સમય લાગી ગયો હતો.આ ભયાનક ધમાકો ત્યારે થયો જયારે પોલીસ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની ટીમ પોલીસ સ્ટેશનની અંદર રાખવામાં આવેલા વિસ્ફોટક સામગ્રીના નમૂનાઓનું પરીક્ષણ કરી રહી હતી.આ વિસ્ફોટક સામગ્રી (જેમાં મોટાભાગે એમોનિયમ નાઈટ્રેટનો જથ્થો હતો) તાજેતરમાં જ એક 'વ્હાઈટ-કોલર' આતંકી મોડ્યુલના પર્દાફાશ દરમિયાન હરિયાણાના ફરીદાબાદમાંથી જપ્ત કરવામાં આવી હતી.

### અલ-ફલાહ યુનિ.ના
### પહેલા પાનાનું ચાલુ

આરોપીનું પૈતૃક ઘર જયાં આવેલું છે, ત્યાંના દાલખોલાના કોનાલ ગામના સ્થાનિક લોકોએ મીડિયાને જણાવ્યું હતું કે આલમ પરિવાર થોડા સમય પહેલા લુધિયાણા ગયો હતો, પરંતુ તેઓ પૈતૃક ઘરમાં રહેતા તેમના સંબંધીઓના સંપર્કમાં હતા.

શનિવારે સવારે એક રહેવાસીએ મીડિયાને જણાવ્યું હતું કે, "આલમ અને તેના પરિવારના અન્ય સભ્યો સમયાંતરે તેમના સંબંધીઓને મળવા જતા હતા. અમને તે ખૂબ જ નમ્ર અને મૃદુભાષી યુવાન લાગ્યો. અમે ક્યારેય અનુમાન ન કર્યું હોત કે તે ઉગ્રવાદી પ્રવૃત્તિઓમાં સામેલ છે."

ફરીદાબાદમાં આવેલી અલ-ફલાહ યુનિવર્સિટી છેલ્લા કેટલાક દિવસોમાં દિલ્હીમાં મોટી માત્રામાં વિસ્ફોટકોની શોધ અને પ્રતિષ્ઠિત લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટ સહિતની આઘાતજનક ઘટનાઓને કારણે રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં છે. આ વિસ્ફોટમાં ૧૦ લોકો માર્યા ગયા અને ડઝનેક ઘાયલ થયા.

પોલીસ ટીમોએ છેલ્લા કેટલાક દિવસોમાં ફરીદાબાદના ધૌજમાં અલ-ફલાહ યુનિવર્સિટી કેમ્પસની ઘણી વખત મુલાકાત લીધી છે. તપાસ દરમિયાન ૫૨ ડોકટરોની પૂછપરછ કરવામાં આવી છે.

### ટ્રમ્પનો વધુ એક યુ-ટર્નઃ કોફી
### પહેલા પાનાનું ચાલુ

આ નિર્ણયથી ભારતને નોંધપાત્ર ફાયદો થયો. ભારત યુએસમાં સૂચિત ૪૭ ટકા જેનરિક દવાઓનો સપ્લાય કરે છે.

તે જ સમયે, ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો ઊંચા ટેરિફને કારણે થયો હતો, જેની સીધી અસર આયાતકારો અને છૂટક વેપારીઓ દ્વારા જનતાના ખિસ્સા પર પડી હતી.

ન્યૂ યોર્ક, ન્યુ જર્સી અને વર્જિનિયામાં તાજેતરની ચૂંટણીઓમાં, ડેમોક્રેટિક પાર્ટીએ તેમના પ્રચાર દરમિયાન ફુગાવાને મુદ્દો બનાવ્યો હતો. ડેમોક્રેટ્સે ફુગાવાને ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જેનાથી મતદારો પર ખર્ચનું દબાણ વધ્યું હતું, જેનાથી તેમની જીતમાં ફાળો મળ્યો હતો.

બીજી બાજુ, ટ્રમ્પ આંતરરાષ્ટ્રીય બાબતો, ટેરિફ અને રોકાણમાં વ્યસ્ત હતા, અને તેમણે ફુગાવાના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કર્યું ન હતું જે જનતા માટે ચિંતાનો વિષય હતો. યુએસમાં ફુગાવો ઘટાડવો હાલમાં એક રાજકીય મુદ્દો છે, અને ભારત કેરી, દાડમ અને ચાની નિકાસથી લાભ મેળવી શકે છે.

અમેરિકન મીડિયા અનુસાર, તાજેતરની ચૂંટણીઓમાં ફુગાવો જનતા માટે મુખ્ય મુદ્દો હતો. સપ્ટેમ્બરના ગ્રાહક ભાવ સૂચકાંકના ડેટા અનુસાર, શેકેલી કોફીના ભાવમાં ૧૮.૯ ટકાનો વધારો થયો છે, અને બીફ અને વાછરડાના ભાવમાં ૧૪.૭ ટકાનો વધારો થયો છે.

ભારતીય કરિયાણાની દુકાનોમાં ભારતમાંથી આયાત કરાયેલા મસાલા અને ખાદ્ય પદાર્થોના ભાવમાં લગભગ ૩૦ ટકાનો વધારો થયો છે.

### દિલ્હી
### પહેલા પાનાનું ચાલુ

રાજધાની દિલ્હીના વિવિધ ભાગો પણ આ ઝેરી હવાથી અસ્પૃશ્ય નથી.

માહિતી અનુસાર, આનંદ વિહાર (૪૨૪), આશ્રમ વિહાર (૪૧૫), બાવાના (૪૪૧), ચાંદની ચોક (૪૧૯) અને વઝીરપુર જેવા વિસ્તારોમાં "ગંભીર" AQI નોંધાયા છે. પુસા, આરકે પુરમ, રોહિણી, શાદીપુર અને વિવેક વિહાર જેવા વિસ્તારોમાં હવાની ગુણવત્તા "ખૂબ જ ખરાબ" શ્રેણીમાં નોંધાઈ છે.

આ પરિસ્થિતિ સૂચવે છે કે આખું શહેર ઝેરી હવાના જાડા ચાદરમાં ઢંકાયેલું છે. આ ગંભીર વાયુ પ્રદૂષણ લોકોના સ્વાસ્થ્યને સીધી અસર કરી રહ્યું છે. "ખૂબ જ ખરાબ" હવાની ગુણવત્તાના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી શ્વસન રોગો થઈ શકે છે. તે જ સમયે, "ગંભીર" હવા સ્વસ્થ લોકોને પણ અસર કરે છે અને પહેલાથી જ અસ્તિત્વમાં રહેલી તબીબી સ્થિતિઓ ધરાવતા લોકો માટે ગંભીર પરિણામો લાવે છે.

પરિણામે, દ્ઝઈની હોસ્પિટલોમાં શ્વાસ લેવામાં તકલીફ, અસ્થમા, એલર્જી અને આંખમાં બળતરાની ફરિયાદો ધરાવતા દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ડોકટરો વૃદ્ધો, બાળકો અને હૃદયરોગના દર્દીઓને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપી રહ્યા છે.

હવામાન માહિતી સૂચવે છે કે આગામી થોડા દિવસોમાં લઘુત્તમ તાપમાન ૧૦-૧૧ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૫-૨૬ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે. ધીમી પવનની ગતિ અને તાપમાનમાં વધઘટને કારણે, હવામાં પ્રદૂષકો એકઠા થઈ રહ્યા છે, જે પરિસ્થિતિને વધુ ખરાબ કરી રહ્યા છે.

### ભાજપનું
### પહેલા પાનાનું ચાલુ

તોડવા માંગે છે.દક્ષિણના રાજયોમાં તામિલનાડુ, કેરળ હજું 'ટફ' છે તે ભાજપ સર્જે છે જેથી ત્યાં સ્થાનિક નેતૃત્વ સર્જાવા માંગે છે અને તેથી ફેબ્રુઆરી-માર્ચથી જ આ ચુંટણીની તૈયારી શરૂ થઈ જશે જયાં હાલ 'સર'ની પ્રક્રિયા પણ ચાલું જ છે. આમ આગામી છ માસ જબરી રાજકીય ઉતેજના સર્જશે.

બિહારમાં જે રીતે ભાજપે એમ પાંચ મહિલા યુવા ફેકટરથી ચમત્કાર સર્જયા તે મમતા બેનરજી માટે ચિંતા બની શકે છે. મહિલા મતદારોની સંખ્યા તમામ રાજયોમાં ૫૦ ટકા તેથી વધુની છે.

જે એક મોટા વોટ બેન્ક છે તો યુવા જે પણ વોટ બેન્ક બની શકે છે તે ભાજપે અનેક રાજયોમાં નિશ્ચિત કર્યુ છે અને પ.બંગાળમાં પણ મમતાની મોટી વોટબેન્ક મહિલા અને મુસ્લીમ છે.

બિહારમાં મુસ્લીમ ફેકટરને ડિસ્કાઉન્ટ કરવામાં સફળતા મળી છે અને ખાસ કરીને સિમાંચલ જે મુસ્લીમ બહુમતી વાળો ક્ષેત્ર છે ત્યાં પણ રાજદ-કોંગ્રેસને પછડાટ મળી છે. આમ મમતા માટે ભાજપનું એમવાય ફેકટર એ ચિંતા બની જશે. છેલ્લી વિધાનસભામાં ભાજપે ૨૯૭માંથી ૭૭ બેઠકો જીતી છે.

જો કે પક્ષને કોઈ સ્થાનિક મજબૂત નેતૃત્વ નથી જે મમતાનો મુકાબલો કરી શકે તેથી મોદીના નેતૃત્વ અને અમીત શાહની વ્યુહરચના પર જ આધાર રાખવો પડશે તે નિશ્ચિત છે. અહી ભાજપ જોડાણ કરી શકે તેવા કોઈ મજબૂત પક્ષ નથી તે પણ તેના માટે એક પડકાર છે અને ભાજપ હવે તેમાં કઈ રીતે આગળ વધે છે તે મહત્વનું છે.

### ચેમ્બર ઓફ
### પેજ-૨ પાનાનું ચાલુ

સ્મરણોને તાજા કર્યા હતા.

સાર ઈન્ફ્રાકોનના ચેરમેન શ્રી ભરત ગાંધીએ જણાવ્યું હતું કે, સુરતના ઔદ્યોગિક વિકાસમાં ચેમ્બરની ભૂમિકા અદ્ભૂત રહી છે અને મારફતિયા પરિવારનું યોગદાન હંમેશા યાદગાર રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, આ હોલનું નામકરણ તેમના યોગદાનને સમર્પિત છે. ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર અને સાર ઈન્ફ્રાકોન વચ્ચેના સહકારથી સુરતને વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ પ્રાપ્ત થઈ રહી છે. ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ, ભવિષ્યમાં અનેક અગત્યના વ્યાપારિક અને ઔદ્યોગિક કાર્યક્રમોનું કેન્દ્ર બનશે. સાર ઈન્ફ્રાકોનના ડિરેકટર શ્રી અશોક શાહે સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, સાર ઈન્ફ્રાકોન અને ચેમ્બરના પદાધિકારીઓ, ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રીઓ, ગુજરાતના રાજય કક્ષાના પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી, રિલાયન્સના શ્રી હેમંત દેસાઈ અને શ્રી જે. રઘુનાથ, ઉદ્યોગ સાહસિકો, આમંત્રિતો તથા મારફતિયા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમારોહનું સંચાલન કર્યું હતું. આ સમારોહમાં ચેમ્બરના મોટા ભાગના તમામ ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

### ડીડી ગર્લ્સ
### પેજ-૨ પાનાનું ચાલુ

આગમન પ્રસંગે પોતે એક સેવાદળના સેવક તરીકે નજીકથી નિહાળ્યા હતા એ પ્રસંગ બાળકોને સમાવ્યો હતો. એમણે પોતે રચેલ નહેરુ ચાચા ને લગતુ ગીત

" હમ નહેરુ ચાચા કે પ્યારે હમ ધરતી કે તારે " મોમાં સૌ પાસે ગવડાવી પંડિત નહેરુ ને સાચી શ્રદ્ધાંજલિ આપી હતી. આજે બાળ દિનની ઉજવણી પ્રસંગે સમારંભના મુખ્ય અતિથિ રાજન જોશી તરફથી ધોરણ પાંચ છ સાત આઠમાં અભ્યાસ કરી રહેલા ૨૩૭ બાળકોને શૈક્ષણિક કીટ ની ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં નવસારી કેળવણી મંડળના ટ્રસ્ટી દિલીપભાઈ નાયક ની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાષ્ટ્રગીત રાષ્ટ્ર વન્દના થી કાર્યક્રમની સમાપ્તિ કરવામાં આવી હતી.

### શહેરના વિવિધ
### પેજ-૨ પાનાનું ચાલુ

સૌરાષ્ટ્ર ટાઉનશીપ રોડ, પાસોદરાથી કામરેજ મેઈન રોડ, લસકાણાથી કામરેજ મેઈન રોડ, સરથાણા રોડ, પાલ હજીરા રોડ-રસ્તાના રિપેરિંગ, રિસરફેસિંગ, મેટલવર્ક કરી મોટરેબલ કરવાની સાથે નિયોલ ચોકડી પાસે ડીવાઈડર હટાવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

રાજયના મહાનગરોના મેયરશ્રીઓ, સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ અને રિજનલ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ સાથે બેઠકમાં વિડીયો કોન્ફરન્સીંગના માધ્યમથી મહાનગરપાલિકાના રોડ-રસ્તાની સ્થિતિની વિગતો મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી.

### માનવ શરીર
### પેજ-૨ પાનાનું ચાલુ

વિચાર કરવોતે કલ્પના છે. જયારે દ્રઢ નિર્ણય કરવો તે સંકલ્પ છે. બીજા માટે સદ્ભાવ તે આશીર્વાદ છે. કાર્ય માટે દ્રઢ વિચાર, તે સંકલ્પ છે. સંકલ્પ સાકાર ક્યારે થાય? તેના જવાબમાં “સંકલ્પ પંચામૃત” આપવામાં આવ્યું હતું. (૧) દ્રઢ સંકલ્પ કરવો, (૨) સતત પ્રયાસ-મનન કરવું. (૩) સહજ, સરળતા અને સમત્વ કેળવવું, (૪) આશાવાન અને શ્રદ્ધાવાન બનવું, (૫) હંમેશા કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરવો.

વિચારોના વાવેતર કાર્યક્રમમાં અતિથી વક્તા તરીકે ઉપસ્થિતિ પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા એ જીવનમાં સંકલ્પની તાકાત વિશે પોતાના અનુભવો સાથે વિચારો રજુ કાર્ય હતા. ધારે તે, ધારે તેવુ અને ધારે તે રીતે કરે શકે તેવું દ્રઢ મનોબળ અને અખૂટ ઉત્સાહનો ભંડાર એવા સવજીભાઈ ધોળકિયા એ જણાવ્યું હતું કે, સવારે વહેલા ઉઠવાવાળા લોકો દુનિયાના સફળ લોકોની યાદીમાં છે. વહેલા ઉઠવાથી કાર્ય શક્તિ વધે છે. સંકલ્પની મોટી તાકાત હોય છે. પરંતુ સંકલ્પ કર્યા પછી શંકા કરવી નહિ તે સફળતાની ચાવી છે. જીવનના અનુભવ વિષે વાત કરતા કહ્યું હતું કે, સંકલ્પ સાથે મારી જાતને તૈયાર કરી હતી. પોતાની જાત ઉપર ભરોસો હોય તો કોઈ પણ કાર્યમાં સફળ થઇ શકાય છે. આજે લોકોને સંકલ્પ લેવામાં અને કહેવામાં ડર લાગે છે તે બરોબર નથી. સંકલ્પ હોય તો જાહેર કરો અને મંડી પડો. તેમાંજ સફળતા રહેલી છે. કરભલા તો હોગા ભલા સુત્રને યાદ રાખી કોઈ પણ નિર્ણયમાં પોતાની સાથે બીજાનું પણ ભલુ થવું જોઈએ. કર્મ જો શુદ્ધ હશે અને સંકલ્પ સારો હશે તો તમારી પ્રતિષ્ઠા, પૈસા અને પદ આપોઆપ યોગ્ય બનશે. અંતમાં જણાવ્યું હતું કે, સંકલ્પને સિદ્ધ કરવા માટે તમારી ભાવનામાં પરિવાર, સમાજ અને રાષ્ટ્રભાવના હોવી ખુબ ખુબ જરૂરી છે.

### ગામના ખેડૂતોને મદદ કરનાર બાબુભાઈ જીરાવાળાનું સન્માન

વર્ષો પહેલા સુરતમાં રત્નકલાકાર સંઘના પ્રમુખ તરીકે કાર્યકરનાર પૂર્વ કોર્પોરેટર તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ જીરાવાળા એ પોતાના વતન જીરાગામના ખેડૂતોના ૩૦ વર્ષથી વિવાદીત પ્રશ્નમાં ગામના તમામ ખેડૂતોનું દેવું ભરપાઈ કરી ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું છે. ગામ સમુહમાં તૈયાર થયેલ વાડી સંતોકબા ભવનમાં નામકરણના દાતા બની તેમના માતૃશ્રી ને ખરી ભાવાંજલી આપી છે. તેવા શ્રી બાબુભાઈ તથા હંસાબેનને શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ તથા ગોકુળધામ સોસાયટીએ અભિવાદન કરી અભિનંદન પાઠવીયા હતા. આ પ્રસંગે મહુવા તાલુકાના પોતાના ગામ ધરાઈના બાળકોના શિક્ષણ માટે માતબાર રકમનું દાન આપી માતૃભૂમિનું ઋણ ચુકવનાર અને શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતના દાતા ટ્રસ્ટી શ્રી રમેશભાઈ ડી. પડસાળાનું તથા તેમના ધર્મપત્ની હંસાબેનનું પણ જાહેર અભિવાદન કરી પરિવારને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

# નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈનો નવસારી જિલ્લાનો પ્રવાસ કાર્યક્રમ

સુરત, તા.૧૫

આજે તા.૧૫-૧૧-૨૦૨૫ શનિવારના રોજ નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ નવસારી જિલ્લાના પ્રવાસે આવનાર છે. મંત્રીશ્રી સવારે ૧૪.૦૦ કલાકે નવસારી જિલ્લાના ચીખલી તાલુકા ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ અંતર્ગત યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ પુર્ણ થયે સાપુતારા જવા રવાના થશે.

**THE BARODA RAYON CORPORATION LIMITED**
Reg. Office: P.O. Baroda Rayon, Fatehnagar, Udhna, Dist. Surat-394220 (T) 0261-2899555Email-admin@brcl.in CIN – L45100GJ1958PLC000892 website-www.brcl.in.

સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક તેમજઅર્ધવાર્ષિક સમયગાળા માટેના અનઓડીટેડ અકલ નાણાકીય પરીણામોનો અહેવાલ

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે, નવેમ્બર ૧૪, ૨૦૨૫ના રોજ યોજાયેલી તેમની મીટિંગમાં સપ્ટેમ્બર ૩૦,૨૦૨૫ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર તેમજ અર્ધવાર્ષિકસમયગાળા માટે કંપનીના અનઓડીટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી હતી.

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટસ), રેગ્યુલેશન્સ, ૨૦૧૫ નારેગ્યુલેશન ૩૩ મુજબ સ્ટોક એક્ષ્ચેન્જ દાખલ કરેલ સપ્ટેમ્બર ૩૦,૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર તેમજ અર્ધવાર્ષિકસમયગાળા માટે કંપનીના અનઓડીટેડ અકલ નાણાકીય પરીણામોનો પ્રમાણે દર્શાવેલ છે. આ પરિણામોનું સંપુર્ણ બંધારણ કંપનીની વેબપેજhttp://brcl.in/UploadedFile/Reprots/૧૪૧૧૨૦૨૫૧૩૫૪૧૭૮૮૯.pdf અને બીએસઈ સ્ટોક એક્ષ્ચેન્જની વેબસાઈટ www.bseindia.comપર ઉપલબ્ધ છેઅનેક્યુઆરકોડસ્કેનકરીનેએક્સેસકરીશકાયછે.

તારિક : ૧૪/૧૧/૨૦૨૫ફોર ધી બરોડા રેયોન કોર્પોરેશન લિમિટેડ
સ્થળ:સુરતસહી/-

દામોદરભાઈ પટેલ
મેનેજીંગ ડાઈરેક્ટર
ડીન-૦૦૦૫૬૫૧૩

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka